# ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ

## ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ-૧૩.

E-mail :khadiboard@gmail.com

જા.નં:- ખાદી/૩૦ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય/૨૦૨૫-૨૬/ તા. ૦૧/૧૦/૨૦૨૫.

-::પરિપત્ર ::-

**<u>વિષય:- ગાંધી જયંતિ નિમિત્તે ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમત ઉપર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવા બાબત.</u>**

**વંચાણે લીધા:- ગુજરાત સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: IMD/WRT/e-file/9/2025/3143/KH1, તા:30/0૯/૨૦૨૫.**

ગુજરાત સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: **IMD/WRT/e-file/9/2025/3143/KH1**, તા:30/0૯/૨૦૨૫થી ગાંધી જ્યંતિ નિમિત્તે “ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન” તેમજ “વોકલ ફોર લોકલ”ની થીમને પ્રોત્સાહન આપવાના હેતુસર રાજ્યના લોકો ખાદી તરફ આકર્ષાય અને ખાદી / પોલીવસ્ત્રનું વેચાણ વધે તથા ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ અંતરિયાળ વિસ્તારના કાંતનાર અને વણનાર કારીગરોને વધુમાં વધુ રોજગારી પ્રદાન થાય તેવા ઉમદા હેતુથી ગુજરાતમાં જ ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમત ઉપર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની બાબત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ હતી.

વિચારણાના અંતે ચાલુ વર્ષે ગાંધી જ્યંતિ નિમિત્તે તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી હાલની અમલીકૃત બજાર વિકાસ સહાય (MDA) યોજના અંતર્ગત સંસ્થા / મંડળીઓને આપવામાં આવતી ૧૦% સહાય (૫% સંસ્થાને ખર્ચ પેટે અને ૫% બજાર પ્રોત્સાહન સહાય) આ સમયગાળા પુરતુ સ્થગિત કરીને તેના બદલે ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓ ધ્વારા ગુજરાતમાં જ ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમત ઉપર તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા માટે જ 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

<u>30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય મંજુરી અંગેની મુખ્ય શરતો :-</u>

૧. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓને તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના **સમયગાળા માટે જ** અને **ગુજરાતમાં જ ઉત્પાદિત** ખાદી અને પોલીવસ્ત્રની ઉત્પાદન કિંમત ઉપર 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય મળવાપાત્ર થશે.

૨. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓએ આ 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય **ગુજરાતમાં જ ઉત્પાદિત** ખાદી અને પોલીવસ્ત્રના **છુટક વેચાણ** ઉપર ગ્રાહકોને વળતર તરીકે આપવાની રહેશે. તેમજ ગ્રાહકોને આપેલ વળતર/ વેચાણની રકમ બેંકમાં જમા કરાવવાની રહેશે. અને તે બાબતના આધાર ઇ-કુટીર પોર્ટલ પરની દરખાસ્તમાં ખાદી બોર્ડને રજુ કરવાના રહેશે.

3. ખાદી ગ્રામોધોગ આયોગ (KVIC) દ્વારા ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓને વર્ષ: ૨૦૨૫-૨૬ માટે

માન્ય કરેલ સુતરાઉ ખાદી, રેશમ ખાદી, ગરમ ખાદી અને પોલીવસ્ત્રના વાર્ષિક ઉત્પાદન લક્ષ્યાંકની કિંમતના મહત્તમ 30%ની મર્યાદામાં આ સમયગાળા દરમ્યાન ખરેખર કરેલ ઉત્પાદનની કિંમત ઉપર સદર 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય (ઉક્ત શરત નં.૧ અને ૨ ની જોગવાઈ અનુસાર) મળવાપાત્ર થશે. સંસ્થા દ્વારા કલેઈમ કરતા સમયે **લક્ષ્યાંકની નકલ** સંસ્થાના પ્રમુખ/મંત્રીશ્રી ધ્વારા પ્રમાણીત કરી ફરજીયાતપણે અપલોડ કરવાની રહેશે. બજેટ નકલ માન્ય રહેશે નહી.

૪. ઉધોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના તા.૨૪/૦૨/૨૦૧૬ના મુળ ઠરાવ અનુસાર હાલની બજાર વિકાસ સહાય (MDA) યોજના અંતર્ગત કાંતનાર - વણનાર કારીગરોને આપવામાં આવતી ૫% સહાય યથાવત રહેશે.

૫. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા/મંડળીઓએ તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાનની 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાયની દરખાસ્ત તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીની સમયમર્યાદામા ઈ-કુટિર પોર્ટલ (ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ) ઉપર અચુક રજુ કરવાની રહેશે. **નિયત સમયમર્યાદા (તા.૩૧/૦૧/૨૦૨૬) બાદ કરેલ દરખાસ્તો કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.**

૬. ઉપરોક્ત તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫નો (30% ખાસ બજાર પ્રોત્સાહન સહાયનો) સમયગાળો પૂર્ણ થયા બાદ બજાર વિકાસ સહાય (MDA) યોજના તા.૨૪/૦૨/૨૦૧૬ના ઠરાવ અને તા.૧૨/૧૦/૨૦૧૭ના સુધારેલ ઠરાવના મૂળ સ્વરૂપમાં અમલીકુત રહેશે.

૭. આ અંગેનો ખર્ચ વર્ષ:૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઈમાંથી કરવાનો રહેશે.

૮. 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાયના સમયગાળા દરમ્યાન ખાદી બોર્ડના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા સંસ્થા તેમજ કારીગરોની આકસ્મિક ચકાસણી સમયે સંસ્થાના તમામ રેકર્ડ તેમજ કામગીરીની વિગતો ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૯. સંસ્થા / મંડળીઓ ધ્વારા સમિતિને રજૂ કરેલ દરખાસ્તોની વિગતવાર ચકાસણી કરીને સમિતીએ અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડને મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે. જે મંજુર થયેથી 30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય ચુકવવા બાબતની કાર્યવાહી કરવાની રહેશે.

<u>30% ખાસ બજાર પ્રોત્સાહન સહાય મંજુરી અંગેની અન્ય શરતો અને સુચનાઓ:-</u>

૧૦. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓએ ખાદી / પોલીવસ્ત્રના KVIC પ્રમાણપત્રની નકલ ઈ-કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) ઉપર ફરજીયાત અપલોડ કરવાનું રહેશે.

૧૧. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓએ ગુજરાતમાં જ ઉત્પાદિત સુતરાઉ ખાદી, રેશમ ખાદી, ગરમ ખાદી અને પોલીવસ્ત્રનું માહે ૦૧લી-એપ્રિલ-૨૦૨૫ થી 30મી-સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન કરેલ ઉત્પાદનનું વિગતવાર સંકલિત પત્રક ઈ-કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) ઉપર અપલોડ કરવાનું રહેશે.

૧૨. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓએ તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાતમાં જ ઉત્પાદિત ખાદી / પોલીવસ્ત્રનુ હાથથી કંતાઇ કામ કરવામા આવેલ છે. તેમજ હાથશાળ ઉપર વણાટકામ કરવામા આવેલ છે અને વિજળી કે પાવરનો ઉપયોગ કરવામા આવેલ નથી. તે મુજબનુ સંસ્થાના પ્રમુખ/મંત્રીશ્રીના સહી/સિક્કા સાથે પ્રમાણપત્ર ઈ-કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) ઉપર અપલોડ કરવાનું રહેશે.

૧૩. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓએ તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા

દરમ્યાન ગુજરાતમાં જ ઉત્પાદિત ખાદી / પોલીવસ્ત્ર ગ્રાહકોને છુટક વેચાણ કરવામાં આવેલ છે તેની વેચાણ સમરી તેમજ તે મતલબનુ પ્રમાણપત્ર સંસ્થાના પ્રમુખ/મંત્રીશ્રીના સહી/સિક્કા સાથે ઈ-કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) ઉપર અપલોડ કરવાનું રહેશે.

૧૪. ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા / મંડળીઓએ તા.૦૨/૧૦/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાતમાં જ ઉત્પાદિત ખાદી / પોલીવસ્ત્રના ગ્રાહકોને કરેલ છુટક વેચાણની મેળવેલ રકમ બેંક ખાતામા સમયાંતરે જમા કરાવવાની રહેશે અને તેના આધાર તરીકે બેંક ખાતાનુ સ્ટેટમેંટ અથવા બેંક પાસબુકની નકલ પ્રમુખ / મંત્રીશ્રી ધ્વારા પ્રમાણીત કરી ઇ-કુટીર પોર્ટલ (ખાદી બોર્ડ) ઉપર અપલોડ કરવાનુ રહેશે.

૧૫. ઉપરોક્ત દર્શાવેલ શરતો ઉપરાંત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ ધ્વારા જરૂર જણાયે ઠરાવેલ અન્ય શરતો તથા વખતોવખતના નીતિ-નિયમોનુ અમલીકરણ ગુજરાત રાજ્યની ખાદી / પોલીવસ્ત્રની માન્ય સંસ્થા / મંડળીઓને સંપુર્ણપણે બંધનકર્તા રહેશે.

**(માન.સદસ્ય સચિવશ્રીની મંજૂરીથી)**

**વહીવટી અધિકારી**

**ગુ.રા.ખા.ગ્રા.બોર્ડ,અમદાવાદ**

**પ્રતિ,**

પ્રમુખ/મંત્રીશ્રી,

ગુજરાત રાજ્યમાં ખાદી અને પોલીવસ્ત્રનું ઉત્પાદન કરતી માન્ય તમામ સંસ્થા/મંડળીઓને.

**નકલ સવિનય રવાના :-**

(૧) માન.મંત્રીશ્રી,(કુટિર ઉધોગ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,નવા સચિવાલય,ગાંધીનગર.

(૨) માન.રાજય કક્ષાના મંત્રીશ્રી,(કુટિર ઉધોગ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,પ્રથમ માળ,નવા સચિવાલય,ગાંધીનગર.

(૩) માન.કમિશ્નરશ્રી અને સચિવશ્રી,કુટિર અને ગ્રામોધોગ,બ્લોક નં.૭/૧, ઉધોગ ભવન,સેક્ટર-૧૧,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી,(કુ.ઉ.)ઉધોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.૫/૪થો માળ, નવા સચિવાલય,ગાંધીનગર.

(૫) સ્ટેટ ડાયરેક્ટરશ્રી,ખાદી ગ્રામોધોગ આયોગ(KVIC) બત્રીસી હોલ,બીજો માળ,કલેક્ટર કચેરી પાસે, સુભાષબ્રીજ, અમદાવાદ-૨૭.